## કોરૂગેટેડ બોક્સના ઉત્પાદનખર્ચમાં ૭૦ ટકાનો વધારો

# ક્રાફ્ટ પેપરની ખેંચ અને સતત તેજીથી કોરૂગેટેડ બોક્સ ઉદ્યોગનું અસ્તિત્વ જોખમમાં

છેલ્લા થોડાક મહિનાઓમાં ઉત્પાદનખર્ચમાં તીવ્ર વધારો થવાથી અને બીજી બાજુ કાચી સામગ્રીનો પુરવઠો ખોરવાઈ જવાથી ભારતનો કોરૂગેટેડ બોક્સ ઉદ્યોગ કટોકટીમાં મુકાઈ ગયો છે. તેની મુખ્ય કાચી સામગ્રી ક્રાફ્ટ પેપર છે. માત્ર પેપરના ભાવવધારાના કારણે કોરૂગેટેડ બોક્સ ઉદ્યોગનું ઉત્પાદન ખર્ચ ૭૦ ટકા વધી ગયું છે. ક્રાફ્ટ પેપર મિલો સપ્લાય બાજુ આયાતી અને સ્થાનિક વેસ્ટ પેપરના વધતા જતા ભાવો, કોરોના લોકડાઉન અને આંતરરાજ્ય લોજીસ્ટીક્સ અડચણોના કારને ઉપલબ્ધતા ઘટી હોવાનાં કારણો દર્શાવે છે. સામે માગની બાજુ જોઈએ તો મિલો ચીનને રીસાઈકલ્ડ ક્રાફ્ટ પેપર પલ્પ રોલ્સના રૂપમાં ક્રાફ્ટ પેપર નિકાસ કરવાની સોનેરી તકનો લાભ ઉઠાવી રહી છે. ૧ જાન્યુઆરી ૨૦૨૧થી વેસ્ટ પેપર્સ સહિતના તમામ સોલીડ વેસ્ટની આયાત પ્રતિબંધના પરિણામનો ચીનની મિલો સામનો કરી રહી છે. ઈન્ડિયન કોરૂગેટેડ કેસ મેન્યુફેક્ચરર્સ એસોસીએશન (ઈક્મા)ના પ્રમુખ સંદીપ વાધવાએ જણાવ્યું છે કે માગના ગાળા થકી અને ચીનમાં આકર્ષક ભાવો ઊપજવા થકી ભારતીય ક્રાફ્ટ પેપરનું ઉત્પાદન સ્થાનિક બજારના બદલે બીજે સ્થળાંતર થઈ રહ્યું છે. આથી ફિનિશ્ડ પેપર અને રીસાઈકલ્ડ ફાઈબરના ભાવો ઊંચા જાય છે. ભારતીય ક્રાફ્ટ પેપર મિલોદ્વારા-રીસાઈકલ્ડ ક્રાફ્ટ પેપર રોલ્સની નિકાસ આ વર્ષે ૨૦ લાખ ટનથી વધી જવાની છે જે ભારતના કુલ સ્થાનિક ક્રાફ્ટ પેપર ઉત્પાદનના ૨૦ ટકા જેટલી થાય છે. ૨૦૧૮ પહેલાં શૂન્ય નિકાસ હતી અને એ ધોરણે આ સપ્લાય સાઈડ ડાયનેમીક્સ ગેઈમ-ચેન્જર બની ગઈ છે. ક્રાફ્ટ પેપરની કોસ્ટના વધારા ઉપરાંત તમામ અન્ય ઈનપુટ્સ જેવાં કે માનવબળ ખર્ચ, સ્ટાર્ચ, ફ્રેઈટ અને અન્ય ઓવરહેડસ પણ છેલ્લાં અમુક વર્ષોમાં ૬૦થી ૭૦ ટકા વધી ગયેલ છે. ઈકમાના ઉપ-પ્રમુખ હરીશ મદને જણાવ્યું છે કે આ પર્યાવરણ પ્રેમી ઉદ્યોગ છે જે વાર્ષિક ૭૫ લાખ મેટ્રિક ટન રીસાઈકલ્ડ ક્રાફ્ટ પેપરનો વપરાશ કરે છે અને ૧૦૦% રીસાઈકલેબલ કોરૂગેટેડ બોક્સનું નિર્માણ કરે છે. આના બજારનું કદ રૂા. ૨૭૦૦૦ કરોડનું છે. આ ઉદ્યોગમાં ૬ લાખ જણા રોજગાર રળે છે. ઈકમાના એમિરેટસ પ્રેસિડેન્ટ કિરીટ મોદીએ જણાવ્યું હતું કે ભારતના કોરૂગેટેડ બોક્સ ઉદ્યોગમાં ૩૫૦ થી વધુ ઓટોમેટિક કોરૂગેટરો છે અને ૧૦,૦૦૦ થી વધુ સેમિ-ઓટોમેટિક એકમો છે.

મોટા ભાગે એમએસએમઈ ક્ષેત્ર છે. ઈન્ડીયન કોરૂગેટેડ કેસ મેન્યુફેક્ચરર્સ એસોસીએશન (ઈક્મા)એ જણાવ્યું છે કે તમામ ઉત્પાદિત ચીજો સસ્ટેઈનેબલ પેકેજિંગ સાથે સપ્લાય થઈ શકે તે માટે અને વડા પ્રધાનની 'મેક ઈન ઈન્ડિયા' ઝુંબેશ સાર્થક થાય તે માટે ભારતીય કોરૂગેટેડ બોક્સ ઉદ્યોગની તંદુરસ્તી જરૂરી છે. આથી મોટા બ્રાન્ડ ધારકો અને અન્ય કોર્પોરેટ ફેર પ્રાઈસ રીવીઝન મંજૂર કરે એ જરૂરી છે કે જેથી કોરૂગેટેડ બોક્સ ઉદ્યોગને બંધ પડતાં અટકાવી શકાશે.